www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Tuesday
27.10.2020
✳Volume :5 ✳ Issue No. 71

Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર: કપરાડા અને ડાંગના ભાજપા ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભાઓને સંબોધન કર્યું

## ગુજરાતમાં રાજ્ય સરકારે કોરોનાની સારવાર માટેની ઉત્તમ વ્યવસ્થા કરી છે, પુરતી હોસ્પિટલો છે, સારવાર માટે જરૂરી પૂરતી સાધનસામગ્રી છે તેના પરીણામસ્વરૂપે જ આજે ગુજરાતનો રિકવરી રેટ ૯૦ ટકા સુધી પહોંચ્યો છે, મૃત્યુદર માત્ર સવા બે ટકા છે. -શ્રી વિજયભાઈ રૂપાણી



**કોઈ અન્ય રાજકીય પાર્ટીમાંથી નેતા કોંગ્રેસમાં પ્રવેશ કરે તો તે બધા સારા, અને પોતાનામાંથી કોઈ જો પાર્ટી છોડે તો તે તુરંત જ ખરાબ બની જાય? કોંગ્રેસ આ પ્રકારની બેવડી રાજનીતિ કરવાનું બંધ કરે, હકીકત તો એ છે કે કોંગ્રેસમાં સંનિષ્ઠ માણસની કદર નથી, માટે કોંગ્રેસ આજે સમાપ્ત થવાના આરે આવીને ઊભી છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**





**કોંગ્રેસમાં અંદરથી જ હવે રાહુલ ગાંધીની નિષ્ફળ નેતાગીરી અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે, કોંગ્રેસમાં રહેલા સંનિષ્ઠ લોકો કોંગ્રેસના પરિવારવાદથી ત્રાહિત થઈને મુક્તિ મેળવવાના પ્રયત્નકરી રહ્યા છે. કોંગ્રેસ હવે જનતાની નહીં માત્ર એક પરિવારની થઈને રહી ગઈ છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**3 નવેમ્બરે ગુજરાતમાં યોજાવા જઈ રહેલી વિધાનસભાની પેટા ચૂંટણી કોંગ્રેસના નિષ્ફળ નેતૃત્વ, આંતરિક જૂથબંધી, નકારાત્મક રાજનીતિના કારણે કોંગ્રેસના લોકોનું કોંગ્રેસની નેતાગીરી પ્રત્યે ઉભા થયેલા અસંતોષનું પરિણામ છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજય ગુજરાત છે અને સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજય પણ ગુજરાત છે ત્યારે કોંગ્રેસ રાજયના યુવાનોના નામે મગરનાં આંસુ સારવાનું બંધ કરે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**કેન્દ્રની અને રાજયની ભાજપા સરકાર ખેડૂતોની, આદિવાસીઓની, ગરીબોની, યુવાનોની, મહિલાઓની સરકાર છે. બાળકો માટે પઢાઈ, યુવાઓ માટે કમાઇ અને વૃદ્ધો માટે દવાઈ, "હર ખેત કો પાની, હર હાથ કો કામ" મંત્ર સાથે સરકાર કાર્ય કરી રહી છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

કમલમ દૈનિક,

આગામી વિધાનસભા પેટા ચૂંટણી અન્વયે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કપરાડાના ભાજપા ઉમેદવાર શ્રી જીતુભાઈ ચૌધરી તેમજ ડાંગ વિધાનસભાના ભાજપા ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલના સમર્થનમાં કપરાડાના નાનાપોંઢા અને આહવાના બોરખેત ખાતે જનસભાને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ૩ નવેમ્બરે ગુજરાતમાં યોજાવા જઈ રહેલી વિધાનસભાની પેટા ચૂંટણી કોંગ્રેસના નિષ્ફળ નેતૃત્વ, આંતરિક જૂથબંધી, નકારાત્મક રાજનીતિના કારણે કોંગ્રેસના લોકોનું કોંગ્રેસની નેતાગીરી પ્રત્યે ઉભા થયેલા અસંતોષનું પરિણામ છે, હવે કોંગ્રેસ જનતાની નહીં પણ એક પરિવાર સુધી જ સીમિત થઈ ચૂકી છે, કોંગ્રેસના જનપ્રતિનિધિઓ, સંનિષ્ઠ કાર્યકર્તાઓને એવો અહેસાસ થવા લાગ્યો છે કે, કોંગ્રેસમાં રહીને જનતાના કામ નહીં થઈ શકે, જેના પરિણામે કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા અને આ ચૂંટણી યોજાવા જઈ રહી છે. ગુજરાતમાં ભાજપાની ૧૦૩ ધારાસભ્ય સાથે સંપૂર્ણ બહુમતી સાથેની સ્થિર સરકાર છે, દિવસે દિવસે કોંગ્રેસનું સંખ્યાબળ ઘટી રહ્યું છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ફક્ત ગુજરાતમાં જ નહીં, અન્ય રાજ્યોમાં પણ કોંગ્રેસ તૂટી રહી છે, ભાંગી રહી છે, કોંગ્રેસ હવે ડૂબતું નાવ છે, તાજેતરમાં મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા પાયાના કોંગ્રેસી નેતા સાથે ૨૪ જેટલા ધારાસભ્યોએ કોંગ્રેસથી પોતાને અલગ કર્યા, રાજસ્થાનમાં પણ સચિન પાયલોટ જેવા મોટા નેતા પણ કોંગ્રેસને છોડવા સુધી પહોંચી ગયા હતા. કોંગ્રેસ જનતાનો વિશ્વાસ અને જનાધાર ગુમાવી ચૂકી છે, દેશભરમાં કોંગ્રેસમાં રહેલા સારા વ્યક્તિઓને પણ હવે કોંગ્રેસમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. કોંગ્રેસમાં અંદરથી જ હવે રાહુલ ગાંધીની નિષ્ફળ નેતાગીરી અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે, કોંગ્રેસમાં રહેલા સંનિષ્ઠ લોકો કોંગ્રેસના પરિવારવાદથી ત્રાહિત થઈને મુક્તિ મેળવવાના પ્રયત્ન કરી રહ્યા છે. કોંગ્રેસ હવે જનતાની નહીં માત્ર એક પરિવારની થઈને રહી ગઈ છે. શ્રી રૂપાણીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાસે આ ચૂંટણીમાં કોઈ મુદ્દો નથી એટલે 'પક્ષપલટુ' શબ્દનો વારંવાર ઉપયોગ કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો નિરર્થક પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસને પક્ષપલટુ શબ્દ ઉપર રાજનીતિ કરવાનું શોભે તેમ નથી. કોંગ્રેસ અત્યાર સુધી ઘણી પાર્ટીઓ અને સરકારને તોડી છે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલના કાળમાં બનેલો ખજુરાહો કાંડ હજી સુધી ગુજરાતની જનતા ભૂલી નથી. ભાજપામાંથી આવેલા શંકરસિંહ વાઘેલાને તો તમે પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા હતા. જ્યાં સુધી નેતા કોંગ્રેસમાં હોય ત્યાં સુધી સારા અને કોંગ્રેસની નિષ્ફળતાને કારણે જનપ્રતિનિધિ કોંગ્રેસ છોડે તો તે તરત જ ખરાબ થઈ જાય?, કોઈ અન્ય રાજકીય પાર્ટીમાંથી નેતા કોંગ્રેસમાં પ્રવેશ કરે તો તે બધા સારા, અને પોતાનામાંથી કોઈ જો પાર્ટી છોડે તો તે ખરાબ? કોંગ્રેસ આ પ્રકારની બેવડી રાજનીતિ કરવાનું બંધ કરે, હકીકત તો એ છે કે કોંગ્રેસમાં સંનિષ્ઠ માણસની કદર નથી, માટે કોંગ્રેસ આજે સમાપ્ત થવાના આરે આવીને ઊભી છે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપાની સરકાર ખેડૂતોની, આદિવાસીઓની, ગરીબોની, યુવાનોની, મહિલાઓની સરકાર છે. બાળકો માટે પઢાઈ, યુવાઓ માટે કમાઈ અને વૃદ્ધો માટે દવાઈ, "હર ખેત કો પાની, હર હાથ કો કામ" મંત્ર સાથે કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકાર વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને અમલી બનાવી પરિણામલક્ષી કાર્ય કરી રહી છે. ભાજપા પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં એક મજબુત, અડીખમ અને નિર્ણાયક નેતૃત્વ છે, રાષ્ટ્રનિર્માણ માટેની નિયત છે, અને ભારતને શ્રેષ્ઠ બનાવવા તરફ આગળ લઈ જવા માટેની સ્પષ્ટ નીતિ છે, સામા પક્ષે કોંગ્રેસ પાસે ન તો નેતા છે, ન તો નિયત છે, ન તો કોઈ નીતિ છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશના ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખી ભાજપા સરકારે જન-ધન યોજના, ઉજજવલા યોજના, ઉજાલા યોજના, શૌચાલયની યોજના, ખેડુત સન્માન નિધિ યોજના, આયુષ્માન ભારત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, માં અમૃતમ, માં વાત્સલ્ય યોજના, સહિત અનેક યોજનાઓ કાર્યરત કરી છે. ગુજરાત સરકાર દ્વારા વધુ ૫૦ લાખ લોકોને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અંતર્ગત રાહત દરે અનાજ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, આ બધા નિર્ણયો ગરીબો માટેના નિર્ણયો છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલમ ૩૭૦ અને ૩૫એ ને કાશ્મીરમાંથી નાબૂદ કરીને આતંકવાદના મૂળિયાં હલાવી દીધા છે, સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી પાકિસ્તાન અને આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો છે, દેશના કરોડો નાગરિકોની આસ્થા જેની સાથે જોડાયેલી છે તેવા શ્રી રામ જન્મભૂમિ વિવાદનું પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં લોકોની અપેક્ષાઓ અનુસાર નિરાકરણ આવ્યું છે અને અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ ખુદ કહેલું, દિલ્હીથી એક રૂપિયો મોકલીએ છીએ તો લાભાર્થી પાસે પંદર પૈસા જ પહોંચે છે, બીજી તરફ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે 'હું ખાતો નથી, ખાવા દેતો નથી', અને તેમણે તે કરીને બતાવ્યું છે, આજે દેશના કરોડો લાભાર્થીઓને ડિબિટીના માધ્યમથી દિલ્હીની તિજોરીમાંથી નીકળેલી સહાય સંપૂર્ણ રૂપમાં તેમના બેંક ખાતામાં મળી રહી છે.

કોંગ્રેસના રાજમાં કોંગ્રેસી નેતાઓના આશીર્વાદથી ગરીબની સહાયને ખાઈ જતા વચેટિયા અને દલાલોનો આજે અંત આવ્યો છે. કપરાડાના ૧૫ હજારથી વધુ આદિવાસીઓને જમીનની સનદ આપવામાં આવી છે તેમજ સમગ્ર રાજયમાં દોઢ લાખથી વધુ આદિવાસીઓને જમીનની સનદ આપીને તેમને અધિકારો આપવામાં આવ્યા છે. અસ્ટોલ પાણી પુરવઠા યોજનાને અમલી બનાવી ૫૮૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, સરકારે તેજસ્વી આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવાની વ્યવસ્થા કરી છે, તેમજ એકલવ્ય સ્કુલ અને કોલેજો પણ બનાવવામાં આવી છે. ભાજપાની સરકારનું એક જ લક્ષ્ય છે, છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવા. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસનું એક જ કામ છે, વિવિધ જ્ઞાતિ, જાતિ અને ધર્મ સમુદાયોમાં ભાગલા પડાવી, વર્ગ વિગ્રહ ઉભા કરી, મતોનું ગંદુ રાજકારણ કરી, સત્તા મેળવી તેનો ભોગવટો કરવો, ભ્રષ્ટાચાર કરવો જ્યારે ભાજપ માટે સત્તા એ ભોગ વિલાસનું સાધન નહીં પણ રાષ્ટ્રસેવાની એક જવાબદારી તરીકે જનસેવા કરવાનું માધ્યમ છે. શ્રી રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાત કોંગ્રેસના નેતાઓ કોરોનાની બાબતે રાજયની ભાજપ સરકારનો દુષ્પ્રચાર કરતા પહેલા પડોશી રાજય મહારાષ્ટ્ર કે જે કોંગ્રેસની સરકાર છે ત્યાંની પરિસ્થિતિ અંગે પોતાની સરકારને સવાલ પૂછે. ગુજરાતમાં રાજ્ય સરકારે કોરોનાની સારવાર માટેની ઉત્તમ વ્યવસ્થા કરી છે, પૂરતી હોસ્પિટલો છે, સારવાર માટે જરૂરી પૂરતી સાધનસામગ્રી છે તેના પરીણામસ્વરૂપે જ આજે ગુજરાતનો રિકવરી રેટ ૯૦ ટકા સુધી પહોંચ્યો છે, મૃત્યુદર માત્ર સવા બે ટકા છે, મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકારને જનતાની કોઈ પડી નથી એટલે ૪૦ હજારથી વધુ નાગરિકોને મોતને ભેટવાનો વારો આવ્યો છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાજમાં રાજ્યમાં છાશવારે કોમી તોફાનો થતાં હતા, ગુંડાઓ કોંગ્રેસના મંત્રીઓના નિવાસસ્થાને આશ્રય લેતા હતા, ગુજરાતના અલગ-અલગ ઈલાકાઓ ગુંડાઓના નામે પ્રચલિત હતા જેમકે અમદાવાદમાં લતીફ, સુરતમાં મહંમદ સુરતી, કચ્છમાં ઈભલા શેઠ. આજે ભાજપાના શાસનમાં મહાત્મા ગાંધી, શ્રી સરદાર પટેલ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ છે, 'ગુંડાઓ ગુંડાગીરી છોડે અથવા ગુજરાત છોડે'ના સંકલ્પ સાથે રાજ્યની ભાજપા સરકારે નવા કડક કાયદાઓ બનાવ્યા છે, તેમજ ભૂમાફિયાઓ સામે કડક કાયદો લાવી, નિર્દોષ માણસની સંપત્તિ કોઈ હડપ ન કરી જાય તેની ચિંતા કરી છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય ગુજરાત છે અને સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય પણ ગુજરાત છે ત્યારે કોંગ્રેસ રાજ્યના યુવાનોના નામે મગરનાં આંસુ સારવાનું બંધ કરે.

જે કોંગ્રેસે તેના શાસનમાં રાજ્યમાં સાત વર્ષ સુધી સરકારી ભરતી પર પ્રતિબંધ લગાવ્યો હતો તેના મોઢે યુવાનો માટેની વાત શોભતી નથી. શ્રી રૂપાણીએ આગામી વિધાનસભા પેટાચૂંટણીમાં કમળના નિશાન ઉપર બટન દબાવીને ભાજપાના ઉમેદવારશ્રીઓને ભારે બહુમતીથી વિજયી બનાવી ગુજરાતની અવિરત વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વધુ મજબૂત બનાવવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશના આગેવાનશ્રીઓ, વિધાનસભાબેઠકના ઈન્ચાર્જશ્રીઓ, જિલ્લા ભાજપા પ્રમુખ સહિત સંગઠનના પદાધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક ભાજપા અગ્રણીઓ સહિત કાર્યકર્તાઓ, સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

**જે કોંગ્રેસે તેના શાસનમાં રાજ્યમાં સાત વર્ષ સુધી સરકારી ભરતી પર પ્રતિબંધ લગાવ્યો હતો તેના મોઢે યુવાનો માટેની વાત શોભતી નથી. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**ભાજપા પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં એક મજબુત, અડીખમ અને નિર્ણાયક નેતૃત્વ છે, રાષ્ટ્રનિર્માણ માટેની નિયત છે, અને ભારતને શ્રેષ્ઠ બનાવવા તરફ આગળ લઈ જવા માટેની સ્પષ્ટ નીતિ છે, સામા પક્ષે કોંગ્રેસ પાસે ન તો નેતા છે, ન તો નિયત છે, ન તો કોઈ નીતિ છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**કોંગ્રેસનું એક જ કામ છે, વિવિધ જ્ઞાતિ, જાતિ અને ધર્મ સમુદાયોમાં ભાગલા પડાવી, વર્ગ વિગ્રહ ઉભા કરી, મતોનું ગંદુ રાજકારણ કરી, સત્તા મેળવી તેનો ભોગવટો કરવો, ભ્રષ્ટાચાર કરવો જ્યારે ભાજપ માટે સત્તા એ ભોગ વિલાસનું સાધન નહીં પણ રાષ્ટ્રસેવાની એક જવાબદારી તરીકે જનસેવા કરવાનું માધ્યમ છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**







**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે 'હું ખાતો નથી, ખાવા દેતો નથી', અને તેમણે તે કરીને બતાવ્યું છે, આજે દેશના કરોડો લાભાર્થીઓને ડિબિટીના માધ્યમથી દિલ્હીની તિજોરીમાંથી નીકળેલી સહાય સંપૂર્ણ રૂપમાં તેમના બેંક ખાતામાં મળી રહી છે. કોંગ્રેસના રાજમાં કોંગ્રેસી નેતાઓના આશીર્વાદથી ગરીબની સહાયને ખાઈ જતા વચેટિયા અને દલાલોનો આજે અંત આવ્યો છે.-શ્રી વિજયભાઈ રૂપાણી**

**ગુજરાત કોંગ્રેસના નેતાઓ કોરોનાની બાબતે રાજયની ભાજપા સરકારનો દુષ્પ્રચાર કરતા પહેલા પડોશી રાજય મહારાષ્ટ્ર કે જ્યાં કોંગ્રેસની સરકાર છે અને ૪૦ હજારથી વધુ નાગરિકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે ત્યાંની પરિસ્થિતિ અંગે પોતાની સરકારને સવાલ પૂછે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

**આજે ભાજપાના શાસનમાં મહાત્મા ગાંધી, શ્રી સરદાર પટેલ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ છે, 'ગુંડાઓ ગુંડાગીરી છોડે અથવા ગુજરાત છોડે'ના સંકલ્પ સાથે રાજયની ભાજપા સરકારે નવા કડક કાયદાઓ બનાવ્યા છે, તેમજ ભૂમાફિયાઓ સામે કડક કાયદો લાવી, નિર્દોષ માણસની સંપત્તિ કોઈ હડપ ન કરી જાય તેની ચિંતા કરી છે. -શ્રી વિજયભાઈ રૂપાણી**

## તંત્રી સ્થાનેથી......

પૂણે સ્થિત સધર્ન કમાન્ડ દ્વારા, એક ઓપન ઑનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં 'ભારતીય સૈન્યઃ વિવિધતામાં એકતાનું પ્રતીકલ્ર થીમ રાખવામાં આવી છે. આ સ્પર્ધા વિવિધ વયજૂથની શ્રેણીઓમાં તમામ લોકો માટે ખુલ્લી છે જેમાં ભારતીય સૈન્ય દ્વારા કુલ રૂપિયા ૧,૨૨,૦૦૦/- (રૂપિયા એક લાખ બાવીસ હજાર)ની રકમ ઈનામ પેટે આપવામાં આવશે તેમજ તમામ વિજેતાઓને મેરિટ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધાની વિગતો સધર્ન કમાન્ડના ફેસબુક પેજ 'SouthernCommand. IndianArmy અને ટ્વીટર હેન્ડલ 'IaSouthern` પર પણ મૂકવામાં આવી છે.. સ્લોગન લેખન, વીડિયો મેકિંગ, ફોટોગ્રાફી અને ચિત્રકામ એમ ચાર પ્રકારની સ્પર્ધા અલગ અલગ વયજૂથના સ્પર્ધકો માટે રાખવામાં આવી છે. વીડિયો, ફોટોગ્રાફ, ચિત્રકામ અને સ્લોગનને સધર્ન કમાન્ડના ફેસબુક પેજ પર અપલોડ કરવાના રહેશે અથવા sconlinecomp@gmail.com ઈમેલ આઈડી પર મોકલવાના રહેશે તેમજ સાથે સ્પર્ધકનો મોબાઈલ નંબર અને આધારકાર્ડ/ ઉંમરના પૂરાવાની નકલ મોકલવાની રહેશે. પૂણે સ્થિત સધર્ન કમાન્ડના વડામથક દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઓપન ઑનલાઈન સ્પર્ધાનું આયોજન કરવાનો મૂળ ઉદ્દેશ આપણા રાષ્ટ્રમાં રહેલા વ્યાપક કૌશલ્યને પોષવાનો અને તેને બહાર લાવવાનો છે અને લોકોને આ ઑનલાઈન સ્પર્ધામાં સક્રિયપણે ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા માટે એન્ટ્રી મોકલવાની શરૂઆત થઈ ગઈ છે અને ૧૦ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ તે બંધ થશે. આ સ્પર્ધાના પરિણામો ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ વિજય દિવસના પ્રસંગે સધર્ન કમાન્ડના ફેસબુક પેજ પર તેમજ ટ્વીટર હેન્ડલ પર જાહેર કરવામાં આવશે.





# શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પત્રકાર મિત્રો સાથે શુભેચ્છા મુલાકાત યોજી

કમલમ દૈનિક,

અસત્ય પર સત્ય અને ધર્મના વિજય એવા દશેરાના પાવન પ્રસંગે ભુજ ખાતે ઉપસ્થિત રહેલા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સત્યના વાહક એવા સૌ મીડીયા કર્મીઓ સાથે શહેરની વિરામ હોટલ ખાતે શુભેચ્છા મુલાકાત યોજી હતી. મહિનાઓથી ચાલ્યા આવતા થકાનભર્યા ચૂંટણીલક્ષી પ્રવાસો અને વિવિધ કાર્યક્રમો અને સભાઓ તેમજ બેઠકોમાં મીડીયાકર્મીઓ અને પક્ષના લોકો પોતપોતાની જવાબદારીના ભાગરૂપે એકબીજા સાથે યેનકેન પ્રકારે સંકળાયેલા રહયા છે ત્યારે નિયમિતરૂપની કામકાજી ભાગદોડ કરતા આજે આ તહેવારને અનુલક્ષીને તદન હળવાશભર્યા માહોલમાં યોજાયેલી આ પ્રાસંગિક શુભેચ્છા મુલાકાત ખુબ આનંદદાયક અને સંપૂર્ણપણે બિન રાજકીય બની રહી હતી. પ્રારંભમાં એક પછી એક સૌ પત્રકાર ભાઈઓ સાથે વ્યકિતગત રીતે પરિચય કેળવ્યા બાદ પરંપરાગત ફાફડા જલેબીના અલ્પાહાર સાથે દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી અને પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વભરમાં કેર વર્તાવી રહેલા કોરોના રૂપી દૈત્યનો જલ્દીથી નાશ થાય અને સમગ્ર જન જીવન પૂર્વવતઃ નિર્ભીકપણે ધબકતું થાય એવી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે તેમણે સૌ મીડીયાના મિત્રોની પણ લોકડાઉન દરમ્યાન એક સાચા કોરોના યોધ્ધા તરીકે કરેલી કામગીરીને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલા, કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલ અને સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છ જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ ઘનશ્યામભાઈ ઠક્કર તેમજ પાર્ટીના કાર્યકરોએ પણ સર્વે મિત્રો સાથે વાર્તાલાપ યોજી અને પ્રાસંગિક શુભેચ્છાઓની આપલે કરી હળવી ક્ષણો માણી હતી. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પક્ષના ઉપસ્થિત સૌ આગેવાનો અને કાર્યકરોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો " મન કી બાત ' કાર્યક્રમ સાથે મળીને નિહાળ્યો હતો અને રાષ્ટ્રના પ્રધાન સેવકના હૈયે વસેલા રાષ્ટ્રના હિત અને ચિંતાના ભાવો જોઈને અભિભૂત થયા હતા અને રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રવાદની કંડારેલી આ કેડીના ચિલ્લા કયારેય ભૂંસવા નહીં દેવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન ભરતભાઈ રાણા, કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ રાહુલભાઈ ગોર, ભુજ શહેર સંગઠનના અનિલભાઈ છત્રાળા, બાલક્રિષ્નાભાઈ મોતા, જયદિપસિંહ જાડેજા, શીતલભાઈ શાહ, નરોતમભાઈ પોકાર, જયંતભાઈ ઠક્કર, નગરસેવકો અજયદાન ગઢવી, અશોકભાઈ પટેલ, અશોકભાઈ હાથી, ભૌમિકભાઈ વચ્છરાજાની, યુવા મોરચાના તાપભાઈ શાહ, કચ્છ યુનિવર્સિટીના સેનેટ મેમ્બર મનોજભાઈ ગઢવી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

# ભુજ તાલુકાના માધાપર ગામે દશેરા નિમિત્તે રાવણ દહન કરાયું








કમલમ દૈનિક, અજય ખત્રી

કોરોના ના કપરા સમયમાં જાહેર કાર્યક્રમો પર રોક લગાવાઈ છે ત્યારે બાળકો સાથે અનોખી રીતે રાવણ દહન કરી ઉજવણી કરાઈ. ભુજ તાલુકાના માધાપર ગામે નવાવાસ વિસ્તારમાં જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના સહયોગ થી પ્રમુખશ્રી વિજયાબેન ધીરજ વરસાણી દ્વારા બાળકો ને સાથે રાખી રાવણ દહન. કરાયો હતો. તો સુખપર નવાવાસ પાંચાવાડી વિસ્તારમાં પ્રદીપ ગોવિંદ ભુવા પરિવાર દ્વારા પણ રાવણ બનાવી દહન કરી દશેરાની ઉજવણી કરાઈ હતી.

# લીંબડી વિધાનસભા મતદાર વિભાગના દિવ્યાંગજનો અને ૮૦ વર્ષથી વધુ વયના ૮૯૩ મતદારોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

## પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે હાથ ધરાયેલા કાર્યક્રમ અન્વયે ૯૦.૯૩ ટકા મતદાન નોંધાયું



કમલમ દૈનિક, સુરેન્દ્રનગર

૬૧-લીંબડી વિધાનસભા પેટા ચૂંટણી અન્વયે તા. ૩ નવેમ્બરના રોજ મતદાન થનાર છે. જે અંતર્ગત કોરોનાની મહામારીને ધ્યાને લઈ લીંબડી વિધાનસભા મતદાર વિભાગના દિવ્યાંગજનો અને ૮૦ વર્ષથી વધુ વય ધરાવતાં મતદારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.જે અન્વયે આર.ઓ. દ્વારા ૮૦ વર્ષથી વધુ વયના તેમજ મતદાર યાદીમાં ફ્લેગ થયેલ શારીરિક અક્ષમ મળી કુલ ૯૮૨ મતદારોના પોસ્ટલ બેલેટ મંજૂર કરવામાં આવ્યા હતા. ૬૧ – લીંબડી વિધાનસભા મતદાર વિભાગમાં પોસ્ટલ બેલેટથી હાથ ધરાયેલ આ મતદાનના બીજા દિવસે તા. ૨૫, ઓક્ટોબરના રોજ દિવ્યાંગજનો તેમજ ૮૦ વર્ષથી વધુ વયના મતદારો મળી કુલ ૩૭૧ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા બે દિવસ દરમિયાન આ વિધાનસભા વિસ્તારમાં કુલ ૮૯૩ મતદારોનું મતદાન નોંધાયું છે. નોંધનીય છે કે, જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લીંબડી વિધાનસભા મતદાર વિભાગમાં પ્રત્યેક ઘર સુધી પહોંચીને, ઘરે - ઘરે જઈને દિવ્યાંગ અને ૮૦ વર્ષથી વધુ વયના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેને ધ્યાને લઈ પોસ્ટલ બેલેટ માટેની તંત્રની ટીમની સઘન કામગીરીના કારણે અત્યાર સુધીમાં ૯૮૨ પૈકી પ્રથમ દિવસે ૫૨૨ મતદારો અને બીજા દિવસે ૩૭૧ મતદારો મળી અત્યાર સુધીમાં કુલ ૮૯૩ મતદારોએ પોસ્ટલ બેલેટ મારફતે પોતાના અમુલ્ય મતાધિકારીનો ઉપયોગ કરતાં ૯૦.૯૩ ટકા જેટલું મતદાન નોંધાયું છે.


# ટ્રેનોમાં મહિલા મુસાફરોની સમગ્ર સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી,પશ્ચિમ રેલ્વે દ્વારા 'મારી સહેલી' અભિયાનની અનોખી પહેલ



કમલમ દૈનિક,

પશ્ચિમ રેલ્વે હંમેશાં નારી શક્તિને સમર્થન અને સહયોગ કરવા માટે ઘણી અનોખી પહેલ માટે જાણીતી છે.પછી ભલે તે વિશ્વની પ્રથમ મહિલા વિશેષ ટ્રેન રજૂ કરવાની સિદ્ધિ હોય અથવા તો સ્ટેશન પર બેબી ફીડિંગ સેન્ટર તથા સીસીટીવી કેમેરા તથા ટ્રેનોમાં ટૉક-બેંક સિસ્ટમ પ્રદાન કરવાની શરૂઆત, પશ્ચિમ રેલ્વે મહિલા મુસાફરોને દરેક સંભવિત સુવિધા સુનિશ્ચિત કરવા હંમેશા તત્પર રહે છે.આ જ શ્રેણીમાં, પશ્ચિમ રેલ્વેએ હવે મહિલા મુસાફરોને તેમની આખી મુસાફરી દરમિયાન વધુ સુરક્ષા પૂરી પાડવા માટે 'મારી સહેલી ' નામની બીજી શાનદાર પહેલ શરૂ કરી છે. મંડળ રેલ્વે મેનેજર શ્રી દીપકકુમાર ઝાકેના જણાવ્યા મુજબ, 'મારી સહેલી' પહેલનો ઉદ્દેશ ટ્રેનથી મુસાફરી કરતી મહિલા મુસાફરોને તેમની સંપૂર્ણ મુસાફરીમાં ડેસ્ટિનેશન સ્ટેશન સુધીની શ્રેષ્ઠ સુરક્ષા પૂરી પાડવાનો છે.આ પહેલ અંતર્ગત મહિલા અધિકારીઓ અને કર્મચારીઓની એક ટીમ બનાવવા માં આવી છે.આ ટીમ મહિલા મુસાફરોની ઓળખ સુનિશ્ચિત કરવા માટે લેડિઝ કોચ સહિતના તમામ પેસેન્જર કોચની મુલાકાત લેશે.તેમની મુસાફરીની વિગતો જેમ કે, કોચ નંબર અને સીટ નંબર ટીમ દ્વારા નોંધવામાં આવશે.ખાસ કરીને જો કોઈ સ્ત્રી ટ્રેનમાં એકલા મુસાફરી કરી રહી હોય.આ મહિલા મુસાફરોને આરપીએફ સિક્યુરિટી હેલ્પ લાઈન નંબર ૧૮૨, જીઆરપી સિક્યુરિટી હેલ્પ લાઈન નંબર ૧૫૧૨ અને અન્ય સાવચેતી વિશે માહિતી આપવામાં આવશે.ઉદાહરણ તરીકે, તેમને અજાણ્યાઓ પાસેથી ખોરાક ન લેવા, ફક્ત આઈઆરસીટીસી અધિકૃત સ્ટોલમાંથી જ ખોરાક ખરીદવા અને તેમના સામાનની યોગ્ય કાળજી લેવા માટે ખાસ ટીપ્સ આપવામાં આવશે.ટીમ તેમને કોઈપણ કટોકટી સ્થિતિ માટે ટ્રેન એસ્કોર્ટ પાર્ટીનો સંપર્ક કરવા અને ૧૮૨ ડાયલ કરવા માટે સ્વતંત્ર અનુભવ કરવા માટે વી સલાહ પણ આપશે.મહિલા મુસાફરોની વિગતો સંબંધિત વિભાગો અને ઝોનલ રેલવે કચેરીઓની જાણકારી આપવામાં આવશે, જેથી તેઓ તેમના અંતિમ મુકામ સુધી ન પહોંચે ત્યાં સુધી તેમની યોગ્ય સલામતી સુનિશ્ચિત કરી શકાય..યાત્રાના અંતે મહિલા મુસાફરોને તેમના પ્રવાસના અનુભવ અને સલામતીના ભાગ રૂપે લેવામાં આવેલ પગલાં ના વિશે એક્શનમાં લેવામાં આવશે. શ્રી ઝાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલવે દ્વારા આ અનોખી પહેલ મુખ્ય રૂપ થી અમદાવાદ મંડળ પર બે ટ્રેનોમાં શરૂ કરી છે. જેમાં ટ્રેન નંબર ૦૨૨૪૮ અમદાવાદ- ગ્વાલિયર સ્પેશિયલ અને ટ્રેન નંબર ૦૨૫૪૮ અમદાવાદ-અગ્રકેન્ટ સ્પેશિયલ ટ્રેનનો સમાવેશ થાય છે.'મારી સહેલી' પહેલ માત્ર મહિલા મુસાફરોની સુરક્ષા કરશે, પરંતુ તેમને માનસિક શાંતિ, આરામદાયક અને આનંદદાયક મુસાફરીનો અનુભવ પણ પ્રદાન કરશે.


# લીંબડી વિધાનસભા પેટા ચૂંટણી અન્વયે ૧.૭૨ લાખથી વધુ ફોટો મતદાર કાપલીનું વિતરણ કરાયું



કમલમ દૈનિક,

ચૂંટણી અધિકારીશ્રી ૬૧-લીંબડી વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી લીંબડીની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ૬૧-લીંબડી વિધાનસભા મતદાર વિભાગ માટે ૩જી નવેમ્બરના રોજ મતદાન યોજનાર છે. જેને ધ્યાને લઈ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત લીંબડી મતદાર વિભાગમાં ૧.૭૨ લાખથી વધુ ફોટો મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવ્યું છે. જે અન્વયે ૬૧-લીંબડી મતદાર વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૨,૭૧,૬૪૨ મતદારો પૈકી તારીખ ૨૪ ઓક્ટોબરે ૧,૦૩,૫૩૬ મતદાર કાપલી અને ૨૫ ઓક્ટોબરે ૬૮,૯૪૩ મતદાર કાપલી મળીને કુલ ૧,૭૨,૪૭૯ મતદાર કાપલીનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમ વધુમાં જણાવાયું છે.

# બંદરિય નગરી માંડવી ખાતે દશેરા ની અનોખી ઉજવણી કરાઈ


**પ્રથમ વિજેતા**

- અશ્વ વીર
- અસવાર રાજદીપ સિંહ જાડેજા
- ફતુભા રવુભા જાડેજા (કાંડાગરા મોટા)

**દ્વિતીય વિજેતા**

- અશ્વ ગુલાબ
- અસવાર હાજી સુમરા
- સુલેમાન કાસમ વાગેર (મોઢવા)

**તૃતિય વિજેતા**

- અશ્વ પોપટ
- અસવાર ફરદીન સુમરા
- અબ્બાસ ફકીર મામદ (મોઢવા)

**ચતુર્થ વિજેતા**

- અશ્વ છોટુ
- અસવાર રમજાન વાગેર
- અલ્તાફ વાગેર (મોઢવા)

કમલમ દૈનિક અજય ખત્રી

દશેરાના પાવન પર્વ નિમિત્તે માંડવી વિન્ડફાર્મ બીચ દરિયા કિનારે અશ્વપૂજન દિવંગત અશ્વો ને શ્રદ્ધાંજલિ તથા અશ્વ દોડ નું આયોજન થયું.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ માંડવી નગરપતિ શ્રી મેહુલ ભાઈ શાહ તથા હનુમંતસિંહ જાડેજા રહ્યા હતા અશ્વપૂજન તથા કાર્યક્રમનું સંચાલન મોહીત જોશી એ કરેલ આયોજક માંડવી ઈક્વેસ્ટેરીયન ગ્રુપ ના સભ્ય ફતુભા રવુભા જાડેજા, એજાઝ ભાઈ ટોકલી, અસરફ ભાઈ સમા, દશરથ સિંહ જાડેજા ,ગોપાલ ભાઈ ગઢવી, આરબ ભાઈ જત એ અતિથિ વિશેષ તથા અન્ય અતિથિઓનું સન્માન કરેલ આભાર વિધિ મનીષ ભાઈ જોશી એ કરેલ તથા અશ્વદોડમાં આ અશ્વોના પ્રથમ, દ્વિતીય, તૃતિય તથા ચતુર્થ વિજેતા જાહેર થયેલ. આ વિશેષ કાર્યક્રમ કરવા બદલ માંડવી નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ શાહ એ ઈક્વેસ્ટેરીયન ગ્રુપ ના સભ્યો ને બિરદાવ્યા હતા..









કમલમ દૈનિક,



દેશભરમાં મનાવાઈ રહેલા પોલીસ સ્મૃતિ દિન નિમિત્તે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા રવિવારે સવારે યુનિટી રનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોમાં પરસ્પર સદ્દભાવ અને એકતા વધે તેવા હેતુથી યોજાયેલી યુનિટી રનમાં પોલીસ જવાનો જોડાયા હતા. પોલીસ જવાનોની આ દોડ પોલીસ મુખ્ય મથકથી શરૂ થઇ હતી અને માણેક ચોક, સરસ્વતી સર્કલ ફરી પરત ફરી હતી. (રીપોર્ટ -કેતન ભટ્ટ - દાહોદ)

ડીજીટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાત સરકારનું વધુ એક નક્કર કદમ

# મહેસૂલ વિભાગની વધુ એક સિદ્ધિ : ઈન્ટીગ્રેટેડ રેવન્યુ ઈન્સપેક્શન સીસ્ટમ ઓનલાઇન -મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ

## iRIS થકી હવે મહેસૂલી કચેરીઓની તપાસણી ઓનલાઇન થતાં સમયની બચત સાથે ગુણવત્તાસભર તપાસ થશે



## તમામ મહેસૂલી પરવાનગી, હક્કપત્રકની નોંધો અને મહેસૂલી કેસની તપાસ હવેથી ઓનલાઇન

કમલમ દૈનિક,

મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દિર્ધ દ્રષ્ટિ અને સમયબધ્ધ આયોજનના પરીણામે આજે ગુજરાત દેશનું રોલ મોડલ બન્યુ છે. રાજયના સુગ્રથિત વિકાસ માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા મહેસૂલી પ્રક્રિયાને વધુ વેગવાન બનાવવાનો નિર્ધાર કરાયો છે. જેના પરીણામે અનેકવિધ મહેસૂલી સુધારા રાજ્ય સરકારે કર્યા છે જેના ખુબ જ સારા પરીણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. રાજયના મહેસૂલી વહીવટને કમ્પ્યુટરાઈઝડ, સલામત, સુરક્ષિત, સુદ્દઢ અને ઝડપી બનાવવાના પગલાંરૂપે હસ્તલિખિત મહેસૂલી રેકર્ડ જાન્યુઆરી-૨૦૦૪થી ડિજિટાઈઝ કરી ઓનલાઈન કરવામાં આવેલ છે. રાજયની તમામ જમીનોના કરોડ જેટલા હસ્તલિખિત ૭/૧૨ અને હસ્તલિખિત નોંધોને સ્કેન કરીને ઓનલાઈન ઉપલબ્ધ કરાવ્યાં છે. મહેસૂલી કોર્ટ કેસ, હક્કપત્રકની નોંધો અને વિવિધ પરવાનગીની અરજી તથા પ્રક્રિયા ઓનલાઈન કરવામાં ગુજરાત રાજય ભારતભરમાં મોખરે છે. મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ રાજયના ખેડૂતો, ઉદ્યોગ સાહસિકો અને સામાન્ય નાગરિકોની રોજબરોજની મહેસૂલી કામગીરીઓને લક્ષમાં રાખીને ટેકનોલોજીના માધ્યમથી સરળીકરણ અને પારદર્શિતા લાવવામાં હંમેશા અગ્રેસર રહ્યો છે. મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શક બને તે માટે ઇ-ગવર્નન્સના માધ્યમ અને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી iORA પર બિનખેતી પરવાનગી, પ્રીમિયમ પરવાનગી, બોનાફાઇડ ઈન્ડસ્ટ્રીયલ પરવાનગી, વારસાઇ નોંધ, સુધારા હુકમ, જમીન માપણી જેવી ૨૭ જેટલી વિવિધ સેવાઓ ઓનલાઇન કરી સીંગલ વિન્ડો સીસ્ટમને યથાર્થ બનાવી છે ત્યારે મહેસૂલ વિભાગે ડીજિટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે વધુ એક નક્કર કદમ ભરી સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મહેસૂલ વિભાગની કચેરીઓની તપાસણીની પ્રક્રિયા ઓનલાઇન કરe iRIS (Integrated Revenue Inspection System) – "ઈન્ટીગ્રેટેડ રેવન્યુ ઈન્સપેક્શન સિસ્ટમ" દ્વારા હવેથી તમામ મહેસૂલી પરવાનગી, હક્કપત્રકની નોંધો અને મહેસૂલી કેસની તપાસ ઓનલાઈન મોડ્યુલમાં કરવામાં આવશે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, રાજયમાં મહત્વની તમામ મહેસૂલી પરવાનગી પ્રક્રિયા ખૂબ જ કાર્યક્ષમ રીતે તથા સમયમર્યાદામાં પારદર્શી રીતે થાય તે માટે મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી દ્વારા રાજયની તમામ મહેસૂલી કચેરીઓની તબક્કાવાર તપાસ કરવામાં આવે છે તથા રાજયની મહેસૂલી કચેરીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. હવે આ ટેકનોલોજીના સમયમાં આ તપાસની પ્રક્રિયા પણ ઓનલાઈન થાય તે માટે મહેસૂલ વિભાગે નક્કર નિર્ણય લીધો છે. "ઈન્ટીગ્રેટેડ રેવન્યુ ઈન્સપેક્શન સિસ્ટમ" દ્વારા હવેથી મહેસૂલી કચેરીઓની તપાસણી ઓનલાઈન કરવાથી સમયની બચત સાથે ગુણવત્તાસભર તપાસ થશે અને સમગ્રતયા કાર્યક્ષમ રીતે મહેસૂલી કામગીરી થશે.મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, જે બાબતો માટે મહેસૂલી કચેરીઓની ભૌતિક ચકાસણી કરવાની હોય તે માટે ઈન્સપેક્શન ટીમ જિલ્લા કચેરીએ જઈને કચેરી કચેરીની તપાસ કરશે. ટેકનોલોજીના ઉપયોગથી મહેસૂલ વિભાગે અરજી પ્રક્રિયા – તપાસ સુધીની પ્રક્રિયા ઓનલાઈન કરીને તમામ સરકારી વિભાગો માટે દ્રષ્ટાંત પુરું પાડેલ છે. રાજય સરકારના આ ક્રાંતિકારી નિર્ણયથી મહેસૂલી કચેરીઓની ઓનલાઈન તપાસણીથી સમય તથા નાણાંનો બચાવ થશે. માન.મંત્રીશ્રી મહેસૂલના વરદ હસ્તે તથા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, સચિવશ્રી જ.સુ. તથા મહેસૂલ વિભાગના અધિકારીશ્રીઓની ઉપસ્થિતમાં મહેસૂલ વિભાગ દ્વારા iRIS (Integrated Revenue Inspection System) – "ઈન્ટીગ્રેટેડ રેવન્યુ ઈન્સપેક્શન સિસ્ટમ" લોન્ચ કરવામાં આવી હતી.

# સરકારને સહકાર આપીએ, સમાજને સ્વસ્થ બનાવીએ

## સુ-પ્રસિદ્ધ ગાયિકા નિધિબેન ધોળકિયાનો પ્રેરક સંદેશ



"વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઈ, નહિતર અચાનક અંધારા થાશે જી" ગંગાસતી - પાનબાઈના આ ભજનમાં ઘોર અંધકારના સમયમાં માત્ર વીજળીના ચમકારામાં જ મોતીડા પરોવવાની વાત કરવામાં આવી છે. તેમ જણાવતાં રાજકોટના જાણીતા ગાયિકા નિધિબેન ધોળકિયા પ્રવર્તમાન કોરોનાની વૈશ્વિક મહામારીના ઘોર અંધકારના સમયમાં રાજકોટવાસીઓને ભયભીત થયા વગર તેની સામે લડવાનો પ્રેરક સંદેશ આપતાં કહે છે કે, જો વિજળીના ચમકારામાં જ મોતીડા પોરવી શકાતા હોય, તો શું કોરોના સામે લડી ન શકાય ? આનો જવાબ આપણા સૌ પાસે છે અને તે છે માસ્ક, સૅનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ. કોરોના સંક્રમણથી જો આપણે બચવું હોય તો, આપણી આસપાસ રહેતા લોકોને કોરોનાગ્રસ્ત થતાં રોકવા હોય તો એક માત્ર ઈલાજ છે કે, આપણે માસ્ક પહેરીએ, સામાજીક અંતર જાળવીએ. આ ઉપરાંત જો કોરોનાના કોઈ પણ લક્ષણ જોવા મળે તો આપણે નિર્ભય થઈને કોરોનાના ટેસ્ટ કરાવવો જોઈએ, ઘણા લોકો એવું માનતા હોય છે કે, આપણે ટેસ્ટ ન કરાવીએ તો શું ! આવા લોકોને મારે કહેવું છે કે, કદાચ તમારી રોગપ્રતિકારક શક્તિ વધારે હોય તો આપ કોરોનાથી બચી શકશો પણ આપના પરિવારજનો કદાચ એનાથી બચી નહી શકે. અને જો તમે સમયસર ટેસ્ટ કરાવીને સારવાર લેશો તો સંપૂર્ણપણે બચી જશો. ટેસ્ટ કરાવવામાં આપણો ફાયદો જ છે. આપણી આસપાસના લોકો સંક્રમિત થતાં નથી અને સ્વંય આપણે પણ સમયસર નિદાન મેળવી કોરોનામુક્ત થઈ શકીએ છીએ. રોગ અંગેની આ જાગૃતતા જ આપણને અને આપણી આસપાસના લોકોને કોરોનાના સંક્રમણથી બચાવશે. આપણા સ્વાસ્થ્ય માટે રાત-દિવસ કાર્યરત એવા તબીબો, આરોગ્યકર્મીઓ અને સરકારને સહકાર આપીએ, અને કોરોના અંગેની જાગૃતતા કેળવીને સમાજને સ્વથ્ય બનવીએ. આપણે જો આટલું કરશું તો અવશ્ય "હારશે કોરોના, જીતશે રાજકોટ".





## ધારી વિધાનસભા ના બગસરા ચૂંટણી કાર્યાલય ની શુભેચ્છા મુલાકાત લેતા ભારતીબેન શિયાળ

# જૂનાગઢ માર્કેટીગ યાર્ડમાં આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ રૂા.૧૦૫૫ ના ભાવે ખરીદી કરાઇ






કમલમ દૈનિક, જૂનાગઢ

જૂનાગઢ માર્કેટીંગ યાર્ડ ખાતે આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. જેમાં રજીસ્ટ્રેશન કરેલા ૧૫ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા. જે પૈકી ૫ ખેડૂતો આવતા રૂ.૧૦૫૫ના ટેકાના ભાવે તેમની મગફળીની ખરીદી કરાઇ હતી. ખેડૂતોને મગફળીનો પુરતો ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં ખેડૂતોની મગફળીની ખરીદી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું. અને દશેરા પછી એટલે કે આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. ગોડાઉન મેનેજર સોમેશ ઓડેદરાએ જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે એસએમએસ દ્વારા ૧૫ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં ૫ ખેડુતો મગફળી લઈને આવ્યા હતા. જેની મગફળીની ખરીદી કરવામાં આવી હતી. કાલે અન્ય ખેડૂતોને બોલાવવામાં આવશે. ખેડૂતોની મગફળીનું સેમ્પલ લઇ તપાસ કરી બાદમાં તેની ખરીદી કરાઇ છે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી પી.એસ.ગજેરાએ જણાવ્યું હતું કે, યાર્ડમાં પણ મગફળીની ખરીદી શરૂ છે. છેલ્લા મહિના સુધીમાં ૧ લાખથી વધુ ગુણીની ખરીદી થઇ ચુકી છે. આજે ૫૦૦૦ જેટલી ગુણીની આવક થઇ હતી. યાર્ડનો ભાવ મગફળી જીણી મણના ૭૦૦ થી ૧૦૨૫ અને મગફળી જાડીના ૭૧૦ થી ૧૦૭૬ રૂપિયા સુધીનો છે. યાર્ડમાં આવતા ખેડૂતોને પણ મગફળીનો સારો ભાવ મળી રહેતા આવકમાં દિવસને દિવસે વધારો થઇ રહ્યો છે.

# દેશના પ્રધાનસેવક ને સાથ આપીયે અને આપણો પવિત્ર મત ભાજપ ને જ આપીએ

## ગતિશીલ ગુજરાત અને સંવેદનશીલ સરકાર ને મજબુત બનાવીએ



કમલમ દૈનિક,

ચૂંટણી નો માહોલ અને કોરોના ના કહેર વચ્ચે આપણે લોકશાહી ના યજ્ઞ માં આહુતિ આપવાની છે.ત્યારે આપણે આપણા પ્રધાનસેવક ને સાથ આપી વધુ મજબુત બનાવીએ.ભારતીય જનતા પાર્ટી ના વિચારો અને રાષ્ટ્ર ને સમર્પિત વિચારધારા ને આગળ લેવા ના કાર્યો કરીયે અને દેશ ને આગળ વધારીએ. અમુક મિત્રો આવું પ્રશ્ન કરતા હોય છે.કે ભાજપ જ કેમ.. ?? ત્યારે સરકાર ની યોજનાઓ અને છેવાડે રહેતા લોકો ના વિકાસ ને જોઇયે તોજ સમજાય કે આપણો પવિત્ર મત ભાજપ ને જ આપીએ કોરોના ના કાળ માં મધ્યમ અને ગરીબ વર્ગ જ્યારે તકલીફ માં પડ્યો ત્યારે સરકારે અનાજ વિતરણ કરી લોકોના ખાતાઓમાં સીધી સહાય આપી ઉપયોગી થવાની સાથે કોવિડ-૧૯ ના સંક્રમણ થી રક્ષણ આપવાનું ગુજરાતની ભાજપ સરકારે અને કેન્દ્ર ની ભાજપ સરકારે પૂરતા પ્રયાસો કર્યા ..નાના- નાના વેપારીઓના વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખુદ લોકોને આહવાન કરી "લોકલ ફોર વોકલ " નું સૂત્ર આપી સ્થાનિક



રીપોર્ટ -
અજય ખત્રી - કચ્છ

રોજગારી ને વધુ ને વધુ ઉપયોગી થવાની કોશિશ કરી ત્યારે અચુક એવું લાગે કે સરકાર તો કામ કરે છે.અને લોકો સુધી પોતાની સેવાઓ પહોંચે ત્યાં સુધી છેવાડા ના લોકો ની ચિંતા પણ કરે છે.વડાપ્રધાન પણ પ્રધાનસેવક બની મન કી બાત દ્વારા જન- જન સુધી પોહોંચવાનો પ્રયાસ કરે છે.ચૂંટણી ના સમયે પોતાના મેનિફેસ્ટો માં આપેલા વાયદાઓ માં અડગ રહેલી ભારતીય જનતા પાર્ટી એ પોતાના વાયદાઓ પૂર્ણ કરવામાં સફળ રહી છે માત્ર સત્તા માટે નહીં પણ પ્રજાના હિત માટે બનતા પ્રયાસો કરી રહી છે જન આરોગ્ય,ખેડૂતો,વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ અને સમાજના અતિ પછાત વર્ગોને પણ ઉચ્ચ સેવાઓ આપવા કટિબદ્ધ રહી છે.આપણો દેશ જ્યારે વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે.આપણા પૂર્વજો,સંતો અને ભારતીય સંસ્કૃતિ ને વિશ્વ સ્વીકારી રહ્યું છે. આ નાનકડા લખાણથી મિત્રો ને સમજાયું હશે કે હવે તો બસ ભાજપ જ પહવે ફરી આપણે દેશ વિરોધી ,જાતિવાદી વિચારો અને સત્તા ના લોભી લોકો ના પ્રચાર પ્રસાર ને નાબૂદ કરી ફરી એકવાર પ્રજા ની શકિત થી પરિચિત કરાવીએ મતદાન અચૂક કરીયે કોરોના થી સુરક્ષિત રહી અને સમાજ, દેશ અને આપણી આવનારી પેઢી નો ભવિષ્ય ઉજવળ બનાવીએપમતદાન અચૂક કરીયે..ગતિશીલ ગુજરાતના વિકાસ ને આગળ ધપાવીએ અને આપનો કીમતી મત ભાજપને જ આપીએ "સબકા સાથ , સબકા વિકાસ".

## મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ૧૬૬ સ્પર્ધકોએ ઓનલાઈન ક્વીઝ સ્પર્ધામાં ભાગ લીધો



કમલમ દૈનિક, ભુજ,

અબડાસા વિધાનસભાની પેટા ચૂંટણી સંદર્ભે નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધો.૯ થી ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૬ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આજની ક્વીઝ સ્પર્ધામાં વિધાનસભાની ચૂંટણી વિષયક પ્રશ્નો આધારિત કસોટી લેવામાં આવી જેમાં પ્રથમ ક્રમાંકે સીજુ કવિતા મુકેશભાઈ (સા.સં.કન્યા વિદ્યાલય-નલિયા) દ્વિતીય ક્રમાંકે હિરલ હસમુખભાઈ ડાભી(સંતશ્રી ખેતા બાપા હાઈસ્કૂલ-વિથોણ) અને તૃતીય ક્રમાંકે ચાકી નવાઝ મામદ (બી.કે.વિદ્યાલય,કોટડા-જ.) રહ્યા હતા. વિજેતાઓને જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા અભિનંદન પાઠવી બિરદાવવામાં આવ્યા હતા. ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા માન.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પ્રવિણા ડી.કે.સાહેબ,જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી શ્રી એમ.બી.પ્રજાપતિ સાહેબ,અબડાસા વિધાનસભા ચૂંટણી અધિકારી શ્રી જેતાવત સાહેબના માર્ગદર્શન મુજબ સ્પર્ધાનું આયોજન જિલ્લા નોડલ અધિકારી SVEEP અને જિલ્લા શિક્ષણાધિકારી ડો.બી.એન.પ્રજાપતિ સાહેબના માર્ગદર્શનમાં COVID 19 ની ગાઈડ લાઈન મુજબ કરવામાં આવ્યું.સ્પર્ધાના સુચારુ સંચાલન અને સંકલન જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-ભુજના શિ.નિ.શ્રી બી.એમ.વાઘેલા ,મ.શિ.નિ.શ્રી જી.જી.નાકર અને કુ.દિપીકાબેન પંડ્યા એ કર્યું હતું.માનકુવા હાઈસ્કૂલના આચાર્ય શ્રી પાઠક નો સહયોગ સાંપડ્યો હતો તેમ જિલ્લા નોડલ અધિકારી sveep અને જિલ્લા શિક્ષણાધિકારી, ભુજ કચ્છ દ્વારા જણાવાયું છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028